જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩/૧૧/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૭૦૩/૧૪**

**નરોડા પો.સ્ટે. :**

ગઇકાલ તારીખ ૦૨/૧૧/૨૦૧૪ ના રોજ ફરીયાદી નાથુભાઇ લાલજીભાઇ પટેલ ઉવ ૩૪ મેનેજર પાવન ગેસ્ટહાઉસ નરોડા વાળા એ પો,સ્ટે આવી અમારા રુબરુ જાહેરાત કરેલ કે ગઇ કાલ તારીખ ૨૯/૧૦/૨૦૧૪ ના રોજ બપોરના ત્રણેક વાગે હુ ગેસ્ટ હાઉસ ધંધા ઉપર હાજર હતો તે વખતે એક કપલ ગ્રાહક બનીને આવેલ જે ગાહક પોતાનુ ચુટણી કાર્ડ વિકમસિંહ ભિખુસિંહ નુ આપેલ તે કપલને ગેસ્ટ હાઉસના રજીસ્ટરમાં નોધ કરી પેસેન્જર તરીકે રાખેલ અને બીજુ કપલ ગ્રાહક બનીને આવેલાને મળવાના બહાને ગેસ્ટ હાઉસમાં આવેલ અને ત્યાર બાદ અન્ય ત્રણ ઇસમો ગેસ્ટ હાઉસમાં આવી પોતાની ઓળખ સીબીઆઇ પોલીસ હોવાનુ જણાવી કહેલ કે તમારી હોટલમાં દેહ વિકય નો ધધો ચાલે છે તમારુ ગેસ્ટ હાઉસ ચેક કરવુ છે અને અગાઉથી હોટલમાં ઉતરેલ કપલ તથા તે પછી આવેલ કપલ નાએ સાથે મળી ગેસ્ટ હાઉસના ધધાના રુપિયા ૩૫૦૦ ની રકમ તથા ગેસ્ટ હાઉસનુ જરૂરી રેકર્ડ લઇ ગેસ્ટ હાઉસને તાળુ મારી તમારા ઉપર કાયદેસરની કાર્યવાહી કરવાની છે અને નરોડા પો.સ્ટે આવો તેમ જણાવી બોલેરો કાર નંબર જેજી.૯.બીબી.૧૨૭૭ માં જતા રહેલ બાદમાં બીજા દિવસે ફરીયાદી મેનેજર ફોન કરેલ અને કહેલ કે ધનસુરા પો.સ્ટે આવો અને પતાવટ કરી જાવ તો તેમ જણાવી બોલાવી ત્યાં રુપિયા પાંચ લાખની માંગની કરેલ ફરીયાદી મેનેજર નાથુભાઇ પાસે આટલી રકમ ન હોય ધાક ધમકી આપી રુપિયા ૮૦૦૦/ ની રકમ પડાવી લિધેલ ત્યાર બાદ પાવન ગેસ્ટ હાઉસના માલિક વિપુલ નટૅવરલાલ પરીખ નાઓ ઉપર ગઇ કાલે ફોન કરેલ અને ગેસ્ટ હાઉસના દેહ વિક્ર્ય ના ધંધા માટે કાર્યવાહી કરવી ના હોય અને ટીવી ચેનલમાં આપવુ ના હોય તો રુપિયા પાંચ લાખ આપવા પડશે તેમ કહી પૈસા વસુલવા માટે દહેગામ સર્કલ રીગ રોડ આવતા અત્રેની પોલીસ દ્વારા છટકુ ગોઠવી પકડી પાડેલ જેમાના મુખ્ય આરોપી દિપીકાબેન મલકરાજ શર્મા મહિલા વિકાસ ટ્રસ્ટૅ બાયડ નામે સંસ્થા ચલાવે છે તેના વિઝીટીગ કાર્ડ છપાવેલ છે તેમજ રબર સ્ટેમ્પ પણ બનાવેલ છે જે આધારે આરોપીઓ પુર્વ યોજીત કાવતરુ રચી આરોપી સંદિપ ઉર્ફે જીંગેશ વિઠલભાઇ પટેલ નાએ આપેલ માર્ગદર્શન મુજબ બાયડ થી બોલેરો કારમાં આવી અગાઉથી રચેલ કાવતરા મુજબ ગેસ્ટ હાઉસમાં ગ્રાહક તરીકે કપલ બની પ્રવેશ કરી બાદમાં અન્ય સાગરીતો કાવતરા મુજબ આવી સીબીઆઇ પોલીસની ઓળખ આપી ગેસ્ટ હાઉસના જરુરી દસ્તાવેજો તેમજ ધધાની રોકડ ૩૫૦૦ બળ જબરીથી કઢાવી લઇ ગયેલ ત્યાર બાદ પતાવટ કરવા માટે બીજી રુપિયા આઠ હજારની રકમ પડાવી લઇ પતાવટૅ માટે રુપિયા પાંચ લાખની માંગણી કરેલ..

જે વિગતના ગુના આધારે એક જ કુટુંબના ભાઇ બહેન કુલ ત્રણ તથા અન્ય આરોપી સાથે કુલ (૧) સંજ્યભાઇ કનુભાઇ મુળજીભાઇ પરમાર ઉવ ૨૪ રહે ગામ હલવા તા:બાયડ જીલ્લો અરવલ્લી (૨) મનોજકુમાર ઉર્ફે મોનુ મલકરાજ વજીરચંન્દ્ર જાતે શર્મા ઉવ ૨૬ રહે ગામ બાયડ જુના બસ સ્ટેન્ડ ભાવસાર ફળી મન ૩ અરવલ્લી (૩) દિપીકાબેન ઉર્ફે દિપુ મલકરાજ વજીરચંન્દ્ર શર્મા ઉવ ૨૨ રહે સદર (૪) રીનાબેન ઉર્ફે જયોતી મલકરાજ વજીરચંન્દ્ર શર્મા ઉવ ૨૭ રહે **(૫)** વિક્રમસિંહ ઉર્ફે ટીકો ભીખુસિંહ સોલકી ઉવ ૨૦ રહે ગામ સારસીયા પોસ્ટ આમોદરા તાલુકો બાયડ જિલ્લો અરવલ્લી (૬) વિજય સિંહ કાળુસિંહ સોલકી ઉવ ૨૪ રહે સદર(૭) વૃક્ષેકકુમાર ઉર્ફે લાલો જ્યરાજસિંહ સોલકી ઉવ ૧૮ રહે ગામ સારસીયા પોસ્ટ આમોદરા તાલુકો બાયડ જિલ્લો અરવલ્લી(૮) સંદિપ ઉર્ફે જીગનેશ વિઠલભાઇ પટેલ ઉવ ૨૨ રહે ગામ બોરડ તાલૂકો બાયડ જિલ્લો અરવલ્લી નાઓને નરોડા પો.સ્ટેશન ફ્સ્ટ ગુરન ૫૭૨/૨૦૧૪ ઇપીકો કલમ ૧૭૦,૩૮૪,૩૪૧,૧૨૦ મુજ્બ ગુનામાં એટક કરવામાં આવેલ છે જે આરોપીઓ પોલીસ ની ઓળખ આપી આવા અન્ય ગુના કરેલ છે કે કેમ અને મહિલા વિકાસ ટ્રસ્ટના નામે કેટલા ગુના આચરેલ છે તેની તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.